ખાનગી
-----

જી.કે.શાહ
ઉપસચિવ

ગ.સ.પ્ર ક્રમાંક :સરજ-૧૦૮૮-૪૧૫૬-છ,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૧-૧-'૮૯.

સ્નેહીશ્રી

સરકારી / પંચાયત સેવાના કર્મચારીનું ચાલુ ફરજ દરમિયાન અવસાન થતાં સ્વ.ના કુટુંબના કોઈ એક સભ્યને રહેમરાહે નિમણુંક આપવામાં આવે છે. સરકારશ્રીની સૂચનાઓ મુજબ વર્ગ-૩ માં રહેમરાહે નિમણુંક આપ્યા બાદ તેમની સેવાઓ વિનિયમીત કરવાની થાય છે. આ સૂચના મુજબ કેન્દ્રીયકૃત ભરતી યોજના અન્વયે વર્ગ-૩ માં રહેમરાહે નિમણુંક પામેલા ઉમેદવારોની નોકરી હાલની નીતિ મુજબ એસ.એસ.સી. પરીક્ષા પાસ કર્યા અંગેના ગુણાંકની ટકાવારીના આધારે વિનિયમીત કરવાની રહે છે. સરકારના ધ્યાન ઉપર આવ્યું છે કે આ રીતે રહેમરાહે નોકરી આપી હોય તેવા કર્મચારીઓની એસ.એસ.સી.ના ગુણની ટકાવારી નીચી હોવાના કારણે તેમની સેવા વિનિયમીત કરવાનું મુશ્કેલ બને છે. વળી આવા કર્મચારીઓનું સ્ક્રીનીંગ પ્રથમ, પસંદગી સમિતિ સમક્ષ અને બીજી વખતે પૂર્વસેવા તાલિમ આપવાના પ્રસંગે એમ બે વખત થાય છે.

ઉપર જણાવેલ કારણો ધ્યાને લઈને આ બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકારે એવો નિર્ણય લીધો છે કે કેન્દ્રીયકૃત ભરતી યોજના હેઠળ રહેમરાહે નિમણુંક આપેલા ઉમેદવારોએ એસ.એસ.સી.માં માત્ર પાસીંગ ગુણાંક મેળવ્યા હોય તેના આધારે જ તેમની સેવાઓ વિનિયમીત કરવાની રહેશે. એટલે કે રહેમરાહે નિમણુંક આપ્યા પછી જો તેઓ એસ.એસ.સી.ના પાસીંગ માર્ક ધરાવતા હોય તો તેઓએ કેન્દ્રીયકૃત ભરતી યોજના અંગેની સંબંધિત પસંદગી સમિતિ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે નહિ. આમછતાં, આવા ઉમેદવારોએ તે જગ્યા અંગેની પૂર્વસેવા તાલિમાંત પરીક્ષા નિયમો અનુસાર પસાર કરવાની રહેશે.

આપનો
સહી/-
( જી.કે.શાહ )

પ્રતિ,
શ્રી ...........
જીલ્લા વિકાસ અધિકારીશ્રી......
જિલ્લા પંચાયત...............

નકલ રવાના :-
સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

'સ્વામી'રીટા ૨૭૧૦૯૩